તાપી રિવરફ્રન્ટ એન્ડ રિજ્યુવેનેશન પ્રોજેકટના અમલીકરણ માટે તાપી રિવરફ્રન્ટ ડેપલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ(SPV)ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૨૨૦૨૦/૨૬૬૯/ધ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 9 DEC 2021

વંચાણે લીધેલ:-

(૧) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૪/૧૨/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૨૨૦૨૦/૨૬૬૯/ધ
(૨) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના તા. /૧૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૨૨૦૨૦/૨૬૬૯/ધ.
(3) મ્યુ. કમિશ્નર, સુરત મહાનગરપાલિકાનો તા.૦૮/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: C.E.SP.CELL/OUT/No.85
(૪) મ્યુ. કમિશ્નર, સુરત મહાનગરપાલિકાનો તા.૧૯/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: CE.SP.Cell/OUT.460
(૫) ઈ.ચા.કાર્યપાલક ઈજનેર, સીટી ઈજનેર સ્પે.સેલ, સુરત મહાનગરપાલિકા, સુરતના તા.૦૪/૧૦/૨૦૨૧ના પત્ર ક્રમાંક: સી.ઈ.સ્પે.સેલ/આઉટ/નં.૮૧૨
(૬) ઈ.ચા.કાર્યપાલક ઈજનેર, સીટી ઈજનેર સ્પે.સેલ, સુરત મહાનગરપાલિકા, સુરતના તા.૧૪/૧૦/૨૦૨૧ના ઈ-મેલ.

પ્રસ્તાવના:-

સુરત શહેરમાં તાપી રિવરફ્રન્ટ અને રિજ્યુવેનેશન પ્રોજેક્ટનાં રૂ.૧૯૯૧ કરોડના(USD 196.2958)ના ફેઝ-૧ માટે વર્લ્ડ બેંક પાસેથી લોન મેળવવા માટેની દરખાસ્તને રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક મંજૂરી બાદ ભારત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. તાપી રિવરફ્રન્ટ એન્ડ રિજ્યુવેનેશન પ્રોજેકટના અમલીકરણ માટે કંપનીઝ એકટ ૨૦૧૩ હેઠળ તાપી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિ.ની સ્થાપના માટે(SPV)ની રચના કરવા ઉપરોક્ત વંચાણે લીધેલા ક્રમાંક- (૧)ના વિભાગના તા.૨૪/૧૨/૨૦૨૦ના ઠરાવથી સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ હતી. ઉપરોક્ત વંચાણે લીધેલા ક્રમાંક-(૩) થી (૬)

સુધીના સુરત મહાનગરપાલિકાના વિવિધ પત્રો/ઈ-મેલ દ્વારા તાપી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિ.ની, કંપનીઝ એકટ ૨૦૧૩ હેઠળ સ્થાપના કરવા જરૂરી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અંગે પુખ્ત વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

(૧) આ SPV(Company)નું નામ "TAPI RIVERFRONT DEVELOPMENT CORPORATION LIMITED" ઠરાવવામાં આવે છે.

(૨) પ્રસ્તુત TAPI RIVERFRONT DEVELOPMENT CORPORATION LIMITED નું Object Clause નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

The objects to be pursued by the company on its incorporation are: To undertake and carry on the business of promoters, organizers, managers, developers of and dealers in and to develop both the banks of the River Tapi and to create thereon recreational, commercial belts as well as public utilities, facilities, conveniences and amenities including embankments, pedestrian walkways, vehicular access roads, tree lined avenues, parks, gardens, amusement parks, swimming pools, resorts, holiday homes, dams, bridges, earthworks, housing complexes, commercial complexes, markets, hotels, motels, hospitals, nursing homes, cinema houses, educational houses, halls, auditoria, farms, farm houses, water ways, water resorts, canals, tanks, drains, culverts, channels, fountains, showers and savages. To acquire, establish, occupy, hold, execute, develop, turn to account, direct, maintain, organize, control, operate, run, manage, divide, sub-divide, convert, appropriate, allot, transfer, sell, lease, let on hire and deal in all types, kinds and forms of properties whether belonging to the Company or not and any rights, title, interests therein including land, building and estate of any tenure or any shares/interests therein.

(૩) પ્રસ્તુત TAPI RIVERFRONT DEVELOPMENT CORPORATION LIMITED નું Memorandum of Association "એનેક્ષર-A " તરીકે તથા Article of Association "એનેક્ષર-B " તરીકે આ સાથે સામેલ છે જે-ને મંજૂરી આપવામાં આવે છે.

(૪) આ TAPI RIVERFRONT DEVELOPMENT CORPORATION LIMITED નું ઓથોરાઈઝ્ડ કેપીટલ રૂ.૧૦/-(રૂપિયા દસ) ના ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) શેર એમ કૂલ રૂ.૧૦,૦૦,૦૦,૦૦૦/-(રૂપિયા દસ કરોડ) રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૫) પ્રસ્તુત TAPI RIVERFRONT DEVELOPMENT CORPORATION LIMITED માટે Paid Up Capital રૂ.૧૦,૦૦,૦૦,૦૦૦/-(રૂપિયા દસ કરોડ) રાખવાનું ઠરાવવામાં આવે છે. જે પૈકી

રૂ.૫,૦૦,૦૦,૦૦૦/-(રૂપિયા પાચ કરોડ) રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે અને રૂ.૫,૦૦,૦૦,૦૦૦/-(રૂપિયા પાચ કરોડ) સુરત મહાનગરપાલિકા દ્વારા ચૂકવવામાં આવશે.

(૬) ઉકત મુદ્દા નં.૪ અને ૫ અન્વયેની કરવાની થતી આનુસંગિક કાર્યવાહી તથા બજેટ જોગવાઈ અંગેની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા દ્વારા યોજનાની નોડલ એજન્સી ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગરના પરામર્શમાં કરવાની રહેશે. તથા આ અંગેની દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર મારફત અત્રેના વિભાગને કરવાની રહેશે.

(૭) પ્રસ્તુત SPVમાં શેર હોલ્ડરના નામ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

| ક્રમ | શેર હોલ્ડર્સનું નામ | |
|---|---|---|
| ૧ | શ્રી બંછાનિધિ પાની,મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા | સુરત મહાનગરપાલિકા દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૨ | શ્રી આયુશ ઓક,કલેક્ટરશ્રી, સુરત | સુરત મહાનગરપાલિકા દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૩ | શ્રી આર.એચ.વસાવા,સં.સ.શ્રી(ફાયર), શ.વિ અને શ,ગૃ,નિ વિભાગ | રાજ્ય સરકાર દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૪ | શ્રીમતી શબાના કુરેશી, ના.સ.શ્રી(ન.પા), શ.વિ અને શ,ગૃ,નિ વિભાગ | રાજ્ય સરકાર દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૫ | શ્રી કમલેશકુમાર બી. નાઈક,ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, સુરત મહાનગરપાલિકા | સુરત મહાનગરપાલિકા દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૬ | શ્રી આશિષ દૂબે, સીટી ઇજનેરશ્રી, સુરત મહાનગરપાલિકા | સુરત મહાનગરપાલિકા દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૭ | શ્રી જતિન એમ.દેસાઈ, અધિક સીટી ઈજનેર, સુરત મહાનગરપાલિકા | સુરત મહાનગરપાલિકા દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૮ | શ્રી જે.સી.ચૌધરી, અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ વર્તુળ | સુરત મહાનગરપાલિકા દ્વારા નામાંકિત અધિકારીશ્રી |
| ૯ | શ્રી તુષાર એચ. ભાભોર, સે.અ.શ્રી(ધ-શાખા), શ.વિ અને શ,ગૃ,નિ વિભાગ | રાજ્ય સરકાર દ્વારા નામાંકિત અધિકારીશ્રી |

ઉપરોક્ત હુકમ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગ તેમજ સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રકાશ પટણી)
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીના અ.મુ.સચિવશ્રી,મુખ્ય મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત શહેરી વિકાસ મિશન તરફ ઠરાવના મુદ્દા નં.૪ અને ૫ અન્વયેની કરવાની થતી અનુસંગિક કાર્યવાહી કરવા સારૂ.
- મ્યુનિસિપલ કમિશનશ્રી , સુરત મહાનગરપાલિકા, સુરત તરફ સંબંધિતોને આ ઠરાવની નકલ મોકલી આપવાની વિનંતી સહ .
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત.
- શ્રી આર.એચ.વસાવા,સં.સ.શ્રી(ફાયર), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી શબાના કુરેશી, ના.સ.શ્રી(ન.પા), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી તુષાર એચ. ભાભોર, સે.અ.શ્રી(ધ-શાખા), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.